| PUBLICATION | : Navnirman | DATE | :March 24, 2012 |
|---|---|---|---|
| PUBLICATION TYPE | : Regional Daily | PAGE NO | : 5 |

# મેગ્નિફ્લેક્સ દ્વારા અત્યાધુનિક અને વધુ આરામપ્રદ મેટ્રેસ ફ્રેશ ટચની રજૂઆત

સુરત : મેટ્રેસિસના ઉત્પાદનમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અગ્રણી કંપની મેગ્નિફલેક્સ ખૂબ સારી રીતે સમજે છે. ઊંઘની કિંમત અને વધુ આરામદાયક શયન માટેની જરૂરીયાતોને આ ક્ષેત્રે સતત રીસર્ચ કરતી મેગ્નિફલેક્સ માનવીના સમગ્ર જીવનકાળ દરમિયાન વ્યથિત થતાં યુવાના સૂવાના સમયને લક્ષમાં રાખી તે ક્ષેત્રની જરૂરીયાતોને વધુ આરામપ્રદ બનાવવા માટેના વિષયો પર કામ કરી રહી છે. તાજેતરમાં જ કંપનીએ ફ્રેશટચ નામની બ્રાન્ડના મેટ્રેસિસ બજારમાં મુકયા છે. આ બ્રાન્ડના ઉપભોગતાઓના મતે દરેક વ્યક્તિ માટે આ ફ્રેશટચ આરામદાયક ઉંઘ અને તરોતાજા સવાર લઈને આવે છે.

મેગ્નિફલેક્સે ફ્રેશટચના ડિઝાઈનિંગ માટે અત્યંત ઝીણવટ પૂર્વકની બાબતોને લક્ષમાં રાખી છે. આ મેટ્રેસીસ માટે એવી બાંહેધરી પણ આપી શકાય છે કે તેના પર ઉંઘનાર વ્યક્તિ વધુને વધુ આરામપ્રદ ઉંઘ મેળવી શકે છે અને મેટ્રેસ પર વિતાવેલી પ્રત્યેક પળ આરામદાયક અને ઉમદા સાબીત થશે. મેમોફોમ મેગ્નિફોમ, ઈલીઓસોફટ અને એલીઓફોમના ત્રણ સ્તર સાથે ડિઝાઈન થયેલ ફ્રેશટચ શરીર, પગ અને ખભાઓને સંપૂર્ણ આરામ આપશે. જ્યારે મેમોફોર્મ મેગ્નિફોમ શરીરનું દબાણ વિભાજીત કરે છે અને મેટ્રેસમાં ખાલી પડતી જગ્યાએ પુરી દે છે જેને કારણે શરીરને વધુ આરામ પ્રાપ્ત થાય છે.

જ્યારે એલીઓસોફટ અને એલીયોફોમ સ્વાચ્છોશ્વાસની પ્રક્રિયાને વધુ સુરેખ બનાવે છે. સ્વાચ્છોશ્વાસની પ્રક્રિયા જેટલી વધુ સુરેખ અને સરળ હોય તેના કારણે શરીરની સાથે સાથે મગજને પણ વધુ આરામ મળે છે અને છ કે આઠ કલાકની ઉંઘ બાદ સરીર અને મગજમાં વધુ તાજગી અનુભવાય છે.